# એસી-૧, એસી-૨, ફર્સ્ટ કલાસના ભાડામાં વધારો

નવી દિલ્હી,તા. ૩૧

એસી-૧ અને એસી-૨ કલાસમાં મુસાફરી કરતા યાત્રીઓને આજથી વધુ ભાડા ચુકવવાની ફરજ પડશે. એસી-૧ અને એસી-૨ વર્ગમાં વધારવામાં આવેલા ભાડા આવતી કાલથી અમલી બનીરહ્યા છે. યાત્રી ભાડામાં વધારો કરવાની રેલવે બજેટમા જાહેરાત કરવામા આવી હતી. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના રેલે બજેટમાં કરવામા આવેલી જાહેરાત મુજબ એકઝીકયુટીવ કલાસ અને ફર્સ્ટ કલાસાભાડામાં વધારો કરવામા આવી રહ્યો છે. પહેલી એપ્રિલ બાદથી જારી કરવામા આવનાર ટિકિટ પર સુધારવામા આવેલા ભડા લાગુ પડશે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે સુધારવામા આવેલા રેટ પહેલાથી જ ટિકિટ જારી કરવામા આવેલી સ્થિતિમાં ભાડામાં ફેરફાર ટીટીઈ મારફતે યાત્રી પાસેથી વસુલવામાં આવશે. રેલવે મંત્રાલયની અધિકારીઓનુ કહેવુ છે કે યાત્રાની શરૂઆત પહેલા બુકિંગ ઓફિસ દ્વારા અથવા તો ટ્રેનમા રહેલા ટીટીઈ દ્વારા યાત્રી પાસેથી ભાડામાં અંતરને વસુલવમાં આવશે. નિર્ણય મુજબ પેસેન્જર

ભાડામાં ફર્સ્ટ કલાસમાં પ્રતિકિલોમીટર ૧૦ પૈસાનો વધારો થશે. જયારે એસી-૨ માટે પ્રતિકિલોમીટર ૧૫ પૈસાનો વધારો થશે. આવી જ રીતે એસી-૧ માટે પ્રતિકિલોમીટર ૩૦ પૈસાનો વધારો કરવમાં આવનાર છે. અધિકારીઓએ કહ્યુ છે કે આવતીકાલથી પ્લેટફોર્મ ટિકિટ માટે પણ ૫ રૂપિયા ચુકવવમા પડશે. અલબત્ત એસી-૩, સ્લીપર કલાસ, ઉપનગરીય અને સેકન્ડ કલાસ સહિત તમામ વર્ગમાં ભાડા વધારા માટેની દરખાસ્ત પરત ખેંચી લેવમાં આવી હતી. નવા રેલવે પ્રધાન મુકુલ રોયે આ તમામ વર્ગમાં ભાડામા વધારાને પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. રેલવે દ્વારા વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં યાત્રી ભાડામાંથી ૨૮૦૦૦ કરોડની આવક થઈ હતી. જ્યારે રાષ્ટ્રીય ટ્રાન્સપોટર વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં ૩૬૦૦૦ કરોડ કમાવવાની યોજના ધરાવે છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં રેલવે યાત્રીની સંખ્યામાં ૫ ટકાનો વધારો થઈ શકે છે. રેલવે બજેટમાં તત્કાલિન રેલવે પ્રધાન દિનેશ ત્રિવેદીએ ભાડા વધારવાની જાહેરાત કરી હતી. પરંતુ ભારે હોબાળો મચી ગયા બાદ ભાડા વધારાને પરત ખેંચવાની તથા સાથે સાથે રેલવે પ્રધાન તરીકે દિનેશ ત્રિવેદીને રાજીનામુ આપવાની ફરજ પડી હતી. એસી-૩ અને સેકન્ડ કલાસ જેવા મોટા વર્ગમાં નવા ભાડા પાછા ખેંચીલેવામા આવ્યા હતા. પરંતુ રેલવેને એસી-૧, એસી-૨ અને ફર્સ્ટ કલાસના ભાડામાં વધારો કરવાથી ૪૦૦ કરોડની આવક થશે. સુધારવમાં આવેલા ભાડાની યાદી તમામ લોકોમાટે તમામ સ્ટેશન ઉપર મુકવામા આવશે. મંત્રાલયની વેબસાઈટ ઉપર પણ સુધારવામા આવેલા ભાડાની ટેબલ ઉપલબ્ધ કરવામા આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રેનમાં કરોડો લોકો યાત્રા કરે છે. રેલવે બજેટમાં રેલવે યાત્રીભાડામાં વધારો કરવમાં આવ્યા બાદ યૂપીએના સાથી પક્ષોમાં પણ નારાજગીનુ મોજુ ફરી વળ્યુ હતુ. યાત્રી ભાડામાં વધારાને પરત ખેંચવા દબાણ વધારવમાં આવ્યુ હતુ. દબાણ સમક્ષ ઝુંકીને યૂપીએ સરકારને દિનેશ ત્રિવેદીની હકાલપટ્ટી કરવાની ફરજ પડી હતી. સાથે સાથે રેલવે બજેટ પર ચર્ચાવેળા યાત્રી ભાડામાં વધારાને પરત ખેંચવાને ફરજ પણ પડી હતી. ચર્ચાવેળા માત્ર એસી-૧, એસી-૨ અને ફર્સ્ટ કલાસના ભાડામા જ વધારાને અમલી બનાવાની જાહેરાત કરાઈ હતી.

# જંક ફૂડમાં મોટી માત્રામાં ફેટનું પ્રમાણ

નવી દિલ્હી, તા.૩૧

સેન્ટ્રલ ફોર સાયન્સ એન્ડ એન્વાયરનમેંટ (સીએસઈ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે જંક ફૂડ્સ અંગે મોટી કંપનીઓના દાવાઓ હંમેશા ખોટા રહે છે. સીએસઈએ કહ્યું છે કે ઘણી ટોચની બ્રેડ્સ પોતાની પ્રોડેકટને ઝીરો ટ્રાન્સ ફૈટ ગણાવે છે જ્યારે ટેસ્ટના જણાવ્યા મુજબ આમા મોટી માત્રામાં ફેટનું પ્રમાણ હોય છે જે ખતરનાક સાબિત થઈ શકે છે. એનજીઓ સીએસઈએ કહ્યું છે કે લોકપ્રિય જંક ફૂડમાં મોટી માત્રામાં ટ્રાન્સ ફેટ, મીઠું અને ખાંડ હોય છે. આનાથી સ્થૂળતા અને ડાયાબિટીશ જેવી બિમારી થઈ શકે છે. સીએસઈએ ૧૬ મોટી બ્રેડ્સના નમૂના લીધા હતા જેમાં મેગી, ટોપ રેમન નૂડલ્સ, મૈકડોનાલ્ડના પ્રોડક્ટ, કેએફસી ફ્રાઈડ ચીકન અને હલ્દીરામના બટાકા ભજીયાનો સમાવેશ થાય છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ જણાવ્યા મુજબ કોઈ પ્રોડક્ટને એ જ વખતે ટ્રાન્સ ફૈટ ફ્રી કહી શકાય છે જ્યારે તેમાં ૦.૨ ટકાથી પણ ઓછા પ્રમાણમાં ટ્રાન્સ ફૈટ રહે. સીએસઈએ કહ્યું છે કે તેને અનેક બ્રેડ્સમાં ટ્રાન્સ ફૈટનું પ્રમાણ ખૂબ વધારે જોવા મળ્યું છે. ટ્રાન્સ ફૈટથી શરીરમાં રહેલી ધમનીમાં અડચણો ઊભી થાય છે અને વધુ પ્રમાણમાં મીઠું બ્લડપ્રેશર વધારે છે. આ બંનેના કારણથી હાર્ટ ઉપર વધારે પ્રેશર પડે છે. સીએસઈના જણાવ્યા મુજબ અનેક પ્રોડક્ટમાં ટ્રાન્સ ફૈટ, મીઠું અને ખાંડ ખૂબ મોટા પ્રમાણમાં રહે છે. આના કારણે યુવાનોને પણ બીમારી લાગી શકે છે. સીએસઈએ આક્ષેપ કર્યો છે કે કંપનીઓ દ્વારા સાફ પણ ખુલાસો કરાતો નથી કે તેઓએ પોતાની પ્રોડક્ટ બનાવવામાં કઈ કઈ ચીજોનો ઉપયોગ કર્યો છે. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ન્યૂટ્રિશન (એનઆઈએન)ના જણાવ્યા મુજબ કોઈપણ વ્યક્તિને એક દિવસમાં વધુમાં વધુ છ ગ્રામ મીઠું લેવું જોઈએ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા મુજબ આ પ્રમાણ પાંચ ગ્રામ છે. મેગીના ૮૦ ગ્રામના પેકેટમાં ૩.૫ ગ્રામ મીઠું હોય છે. એટલે કે દિવસભરમાં ઉપયોગમાં લેવાતા મીઠાંપૈકી ૬૦ટકા મીઠું હોય છે. હલ્દીરામ જેવી કંપની પોતાના 'આલુ ભજીયા'ને ટ્રાન્સફેટ ગણાવે છે પરંતુ દરેક ૧૦૦ ગ્રામ ભજીયામાં ૨.૫ ગ્રામ ટ્રાન્સફેટ છે. આવી જ રીતે પેપ્સીકોના લેઝ ચિપ્સને ફેબ્રુઆરી ૨૦૧૨ સુધી ટ્રાન્સફેટ તરીકે હોવાનો દાવો કરાયો હતો પરંતુ તેમાં ૧૦૦ ગ્રામ ચીપ્સમાં ૩.૭ ગ્રામ ટ્રાન્સફેટ છે. ભારતમાં પેપ્સીકોનું કહેવું છે કે તેની પ્રોડક્ટ ધારાધોરણ મુજબ છે. લેઝ, અંકલ ચીપ્સ, કુરકુરે, ચિટોઝ, ટ્રાન્સફેટ ફ્રી છે. બીજી બાજુ નેસ્લેએ કહ્યું છે કે સીએસઈનું કામનું તેઓ સન્માન કરે છે.

**જંક ફૂડ ખતરનાક....**

- મોટી ફૂડ બ્રાન્ડ નુકસાનકારક અસર અંગે માહિતી આપતી નથી
- દિલ્હી સ્થિત એનજીઓ સેન્ટ્રર ફોર સાયન્સ એન્ડ એન્વાયરનમેંટ દ્વારા ધડાકો
- મોટી બ્રેડ્સ પોતાની પ્રોડક્ટને ઝીરો ટ્રાન્સફેટ ગણાવે છે પરંતુ આમા મોટા પ્રમાણમાં ફેટ હોય છે
- લોકપ્રિય જંકફૂડમાં મોટી માત્રામાં ટ્રાન્સફેટ, મીઠું અને ખાંડ હોય છે
- સ્થૂળતા અને ડાયાબિટીશ જેવી બિમારી હોઈ શકે છે
- ૦.૨ ટકાથી ઓછા પ્રમાણમાં ટ્રાન્સફેટ હોવાની સ્થિતિમાં જ તેને ટ્રાન્સફેટ ફ્રી કહી શકાય છે
- મોટાભાગની બ્રેડ્સમાં ટ્રાન્સફેટનું પ્રમાણ આનાથી વધારે છે
- ટ્રાન્સફેટના કારણે ધમનીઓમાં અડચણો ઊભી થાય છે
- વધારે પ્રમાણમાં મીઠું બ્લડ પ્રેશરને વધારે છે
- મોટી માત્રામાં ટ્રાન્સફેટ મીઠું અને ખાંડનું પ્રમાણ વધારે હોય છે જેથી યુવાનોમાં બિમારી થઈ શકે છે
- એક વ્યક્તિને દિવસમાં વધુમાં વધુ છ ગ્રામ મીઠું લેવું જોઈએ
- મેગીના ૮૦ ગ્રામના પેકેટમાં ૩.૫ ગ્રામ મીઠું હોય છે

# આઈટી એક્ટમાં સુધારાની હિલચાલ યોગ્ય છે : પ્રણવ

નવી દિલ્હી, તા.૩૧

નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે ઈન્કમટેક્સ એક્ટમાં સુધારો કરવાની હિલચાલનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે વોડાફોન જેવી સમજૂતીના મામલાઓને હાથ ધરવા માટે કાયદામા સુધારો જરૂરી બની ગયો છે. ભારતીય બિઝનેસને આવરી લેતી ખરીદી શોદાબાજી માટે ટેક્સ તરીકે બ્રિટનની વોડાફોન કંપનીને ૧૧ હજાર કરોડ ટેક્સ ચુકવવાની ફરજ પડે તેવો મામલો અગાઉ સપાટી ઉપર આવ્યો હતો. પરંતુ વોડાફોન કેસ સુપ્રીમ કોર્ટમાં પહોચ્યો હતો. વોડાફોન કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે કાયદાનો મુખ્ય હેતુ ટેક્સ સાથે સંબંધિત છે. કોલકાતા ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા આયોજિત એક સેસનમાં ભાગ લેતા પ્રણવે કહ્યુ હતુ કે અમે એવા તારણ ઉપર પહોચ્યા છે કે અમે દેશની બહાર ખરીદવામાં આવેલી ભારતીય સંપત્તિ ઉપર ટેક્સ વસુલ કરવાની સ્થિતિમાં રહીશુ નહી.

બ્રિટન સ્થિત મોબાઈલ ઓપરેટર વોડાફોને હોંગકોંગ સ્થિત હચીસનના ટેલિકોમ બિઝનેસને ખરીદી લેતા હોબાળો મચ્યો હતો. હચીસન ટેલિકોમ બિઝનેસ ભારતમાં પણ ઓપરેશન ધરાવે છે. ૧૧.૨ અબજ ડોલરની કિંમતમાં આ સમજૂતી થઈ હતી. મામલો સપાટી પર આવ્યા બાદ ભારતીય ઈન્કમટેક્સ સત્તાવાળાઓએ કહ્યુ હતુ કે આ સમજૂતીના કારણે તેના ઉપર ટેક્સ લાગૂ થશે. વોડાફોન પાસેથી ૧૧ હજાર કરોડ ટેક્સરૂપે માંગવામાં આવ્યા હતા. આનો વિરોધ કરીને વોડાફોને કોર્ટમા અપીલ કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ઠેહર્યું હતુ કે વોડાફોન આ સમજૂતી પર ટેક્સ ચુકવવામાટે જવાબદાર નથી. કારણ કે સમજૂતી વિદેશમા થઈ છે. આ ઘટનાક્રમ બાદ સરકારે આવી સોદાબાજીમાં ટેક્સ વસુલ કરવાના હેતુસર કરવેરા કાયદામાં સુધારો સુચવ્યો હતો. હવે કેટલાક પ્રશ્નો પણ ઉભા થનાર છે. ડબલ ટેક્સ એવોઈડન્સ એગ્રીમેન્ટ અને ટેક્સ એકસેંજ ઈન્ફર્મેશન માહિતી પણ ઉભી થઈ રહી છે.

# વનિયા મિશ્રાને ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ તાજ

મુંબઈ, તા.૩૧

પેન્ટાલુન ફેમિના મિસ ઈન્ડિયા (પીએફએમઆઈ) ૨૦૧૨ બનવામાં વનિયા મિશ્રા સફળતા મેળવી છે.

ચંદીગઢની યુવતી વનિયા મિશ્રાએ તમામ ટોચની સ્પર્ધકને પાછળ છોડીને મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૧૨ બની હતી. પૂણેની ૨૪ વર્ષીય પ્રાચી મિશ્રા મિસ ઈન્ડિયા અર્થ અને ચેન્નાઈની ૨૩ વર્ષીય મારિયા રાવ મિસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બની હતી. ૨૦ ફાઈનાલિસ્ટોમાંથી તેમની પસંદગી કરવામા આવી હતી. આ ભવ્ય કાર્યક્રમમા હોસ્ટ તરીકેની ભૂમિકામાં આયુસમાન ખુરાના અને મનીશ પોલે અદા કરી હતી. હવે મિસ વર્લ્ડ ૨૦૧૨માં વનિયા ભારતનુ નેતૃત્વ કરશે. જ્યારે પ્રાચી અને મારિયા રાવ ક્રમશઃ મિસ અર્થ અને મિસ ઈન્ટરનેશનલમાં ભારતનુ નેતૃત્વ કરશે. ફેમિના આ વખતે મિસ યુનિવર્સમાં કોઈને મોકલશે નહીં કારણ કે આ સ્પર્ધામાંથી દુર રહેવાનો નિર્ણય કરવામા આવ્યો હતો. નરગિરશ અને સોનમ કપૂર કાર્યક્રમમા ઉપસ્થિત રહી હતી. જજની પેનલમાં સોનમ, નિર્માત્રી એકતા કપૂર, ફિલ્મ નિર્દેશક રોહિત સેટ્ટી, અભિનેત્રી સોનાલી બેન્દ્રે, ક્રિકેટર હરભજન સિંહ, રાગવેન્દ્ર રાઠોરનો સમાવેશ થાય છે. બજાજ

ફિલ્મના સંજીવ બજાજ, સોનુ નિગમ અને સાક્ષી તનવર પણ ઉપસ્થિત રહ્યા હતા. શુક્રવારે સાંજે મુંબઈના અંધેરીમાં ભવન ગ્રાઉન્ડ ખાતે ભવ્ય કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વનિયા મિશ્રા પેન્ટાલુન ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૧૨ જાહેર કરવામાં આવી હતી. જ્યારે પ્રાચી મિશ્રા પેન્ટાલુન ફેમિના મિસ ઈન્ડિયા અર્થ ૨૦૧૨ જાહેર કરવામાં આવી હતી. આવીજ રીતે રોચેલ મારિયા રાવ પેન્ટાલુન ફેમિના મિસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ જાહેર કરવામાં આવી હતી. તંદીગઢની યુવતી વાનિયા મિશ્રાની ફાઈનલમાં સિધી એન્ટ્રી થઈ હતી. વર્ષ ૨૦૧૧માં ડાબર ગુલાબરી મિસ રોઝ ગ્લો ૨૦૧૧ જીતી લીધા બાદ તેની સીધી એન્ટ્રી થઈ હતી. પરંતુ અહી પણ તે વિજેતા જાહેર થઈ હતી. અંતિમ પ્રશ્નના જવાબમાં વાનિયાએ તમામને પ્રભાવિત કર્યા હતા. જો તમારી પાસે વિકલ્પ હોય તો હજારો નોકરીની તકો ઉભી કરશો કે પચી હજારો બાળકોને દરરોજ સ્તનપાનની તક આપશો તેવા પ્રશ્નના જવાબમાં વાનિયાએ કહ્યુંહતું કે નાના માસુમ બાળકોનિર્દોષ હોય છે. અને દરેક વ્યક્તિના મનને ઓગળાવી શકે છે. તેમને શિક્ષણ આપવાના પ્રયાસ કરશે. પેન્ટાલુન ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૨ના કાર્યક્રમમાં અનેક ટોંચના હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. વર્ષ ૨૦૧૧માં વિજેતા બનેલી ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૧૧ કનિષ્ઠાએ વાનિયાને તાજ પહેરાવ્યો હતો.

# ઈન્ડોનેશિયામાં 'મિની સ્કર્ટ' પહેરવા પર પ્રતિબંધની માગ

તેલ અવીવ,તા. ૩૧

ઈન્ડોનેશિયામાં હવે મિની સ્કર્ટને લઈને હોબાળો મચી ગયો છે. દેશના ધાર્મિક મામલાના પ્રધાન માને છે કે મિની સ્કર્ટ પહેરવાની બાબત અશ્લીલતા છે અને તેના પર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. મિની સ્કર્ટ પર પ્રતિબંધની વાત કરવામાં આવતા આધુનિક પેઢીમાં નારાજગી પ્રવર્તી રહી છે. અશ્લીલતાની સામે લાગુ કરવામાં આવેલા નવા કાયદા હેઠળ તેના પર પ્રતિબંધ મુકવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. ઈન્ડોનેશિયાના આ પ્રધાન સૂર્યધર્મા અલીનું આ નિવેદન દેશના પ્રભાવશાળી ઈસ્લામિક સલાહકાર સમીતિની ચૂંટણી બાદ પ્રતિક્રિયાના ભાગરૂપે આવ્યું છે. ઈન્ડોનેશિયામાં અશ્લીલતા ફેલાવાના મામલામાં કઠોર કાર્યવાહી કરવાની રજૂઆત પહેલાંથી જ થઈ ચૂકી છે. અશ્લીલતા ફેલાવનાર સામે કાર્યવાહી માટે એક ટાસ્ક ફોર્સની રચના પણ કરવામાં આવી છે. અગ્રણી અંગ્રેજી અખબાર ધ સન ડે મોર્નિંગ હેરાલ્ડમાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઈન્ડોનેશિયામાં ધાર્મિક મામલાના પ્રધાન અલીએ કહ્યું છે કે ઘૂંટણથી ઉપર સુધી ઓછી લંબાઈવાળા સ્કર્ટ પહેરવાની સ્થિતિમાં અશ્લીલતાના માપદંડનો ભંગ થાય છે.

સૂર્યધર્મા ઈન્ડોનેશિયાની યુનાઈટેડ ડેવલોપમેન્ટ પાર્ટીના નેતા છે. ઈન્ડોનેશિયામાં અશ્લીલતા ફેલાવનાર સામે કઠોર કાર્યવાહી કરવા માટે રચવામાં આવેલા ટાસ્ક ફોર્સના પ્રમુખ તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે. આ ખાસ ટાસ્ક ફોર્સને પ્રમુખ સુશીલો બામબેંગનો ટેકો છે. સુધીધર્માએ કહ્યું છે કે કોઈપણ વસ્તુ પર પ્રતિબંધ મૂકતા પહેલાં ટાસ્ક ફોર્સ તમામ સંબંધિત લોકો સાથે બેસીને ચર્ચા કરશે.

અશ્લીલતાના વ્યાપક માપદંડ અંગે ચર્ચા કરાશે. બીજી બાજુ ઈન્ડોનેશિયાના ઈસ્લામિક સંગઠનોએ આનુ સ્વાગત કર્યું છે. ઈસ્લામિક શરિયા કાયદા મુજબ મહિલાઓને માત્ર લાંબા સ્કર્ટ પહેરવા જોઈએ. સાથે સાથે શરીરના કોઈ અંગ દેખાવો જોઈએ નહીં.

# લાંચ ફરિયાદમાં સેના વડાએ તેજીન્દર સિંહનુ નામ લીધુ

નવી દિલ્હી, તા. ૩૧

સેના પ્રમુખ જનરલ વીકે સિંહે લાંચ રુશ્વતની ઓફરના સંબંધમાં સીબીઆઈને મોકલવામા આવેલી ફરિયાદમાં નિવૃત લેફ્ટી. જનરલ તેજીન્દરસિંહનો નામ આપ્યુ હતુ. જનરલ સિંહે આ મામલામાં શુક્રવારે મોડી રાત્રે પોતાની ફરિયાદ સીબીઆઈને મોકલી દીધી હતી. એ વખતે આ બાબત સ્પષ્ટ ન હતી કે તેઓએ તેજીન્દરનુ નામ લીધુ છે કે કેમ અલબત્ત જનરલ સિંહે લાંચની રકમનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. સોમવારના દિવસે સેના પ્રમુખ આ મામલામાં વધુ માહિતી ઉપલબ્ધ કરાવે તેવી શક્યતા છે. આ અગાઉ કેન્દ્રીય નાણાપ્રધાન પ્રણવ મુખર્જીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે સરકાર અને જનરલ વચ્ચે કોઈ મતભેદ નથી. કોલકાતામા પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે સંરક્ષણ મંત્રી અને સેના અધ્યક્ષ વચ્ચે કોઈ મતભેદ છે તો આ બાબત ખૂબ જ શાનદાર છે. નવી દિલ્હીમાં ડિફેન્સ એક્સપોમાં ભાગ લેવાના હેતુસર આવેલા સારસ્વતે કહ્યુ હતુ કે પૃથ્વી અને અગ્નિ જેવી તમામ મહત્વપૂર્ણ અને મહાકાય મિસાઈલોને લઈ જવામાટે ઉપયોગ કરવામાં આવેલી ટ્રક હળવા સ્તરની ન હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સંરક્ષણ મંત્રી અને સેના અધ્યક્ષ વચ્ચે કોઈ મતભેદ છે તો આ મતભેદોને સાવધાની પૂર્વક ઉકેલવા જોઈએ. આ અગાઉ શુક્રવારના દિવસે સેનાના વડા વીકે સિંહે પોતાનુ વલણ હળવુ કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે કેટલાક તોફાની તત્વોએ તેમની અને એકે એન્ટોની વચ્ચે તિરાડો ઉભી કરવાના પ્રયાસ થયા છે. તેમણે પોતાના નિવદેનમાં કહ્યુ હતુ કે તેઓ દેશની સેવા કરવા કટીબદ્ધ છે. તેમણે ભારપૂર્વક કહ્યુ હતુ કે સેના સરકારનુ એક ભાગ છે. તે સરકારથી અલગ નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સરકાર અને તેમના બંનેના પ્રયાસ છે કે સેનામાથી કેટલાક ખોટા લોકોને બહાર કાઢી મૂકવામાં આવે. જનરલ સિંહે ખુલાસો કરતા કહ્યુ હતુ કે તેમની અને એન્ટોની વચ્ચે તિરાડ ઉભી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ ખૂબજ કમનસીબ બાબત છે. પ્રધાનની સાથે મળીને આ મામલામાં કાર્યવાહી કરાશે.

# જગનમોહન રેડ્ડી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરાઈ

નવી દિલ્હી, તા.૩૧

સીબીઆઈએ આજે ગેરકાયદે સંપત્તિ કેસમાં વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતા વાયએસ જગનમોહન રેડ્ડી અને અન્ય ૧૨ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. તપાસ સંસ્થાએ નમપલ્લી ક્રિમિનલ કોર્ટ સંકુલમાં સીબીઆઈ કોર્ટને ચાર્જશીટ આપી દીધી હતી. આરોપીઓ પર છેતરપિંડી, ફોજદારી કાવતરા અને વિશ્વાસભંગના શ્રેણીબદ્ધ આરોપો મુકવામા આવ્યા છે. સીબીઆઈના સૂત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે જગનમોહન રેડ્ડી સ્વર્ગસ્ત મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીના પુત્ર અને સાંસદ છે. તેમના ઉપર ગંભીર પ્રકારના આરોપો મુકવામા આવ્યા છે. જ્યારે આ કેસમાં વિજય સાય રેડ્ડી પણ આરોપી છે. બીજી જાન્યુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામા આવી હતી. જો કે કડાપ્પાના સાંસદની હજુ સુધી ધરપકડ કરવાામા આવી નથી. અન્ય આરોપીઓમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (આઈએએસ) અધિકારી બીપી આચાર્ય સહિત અન્ય આરોપીઓ પણ છે. આચાર્ય એમમાર્ક, એપીઆઈઆઈસી કેસમાં પહેલાથી જ જેલમાં છે. સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરી દેતા જગનમોહન રેડ્ડી ઉપર દબાણ વધી ગયુ છે. આવકના સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાનો તેમના ઉપર આક્ષેપ મૂકવામા આવ્યા છે. આગામી દિવસોમાં તેમની સામે વધુ તકલીફ ઉભી થઈ શકે છે.

# નોટ કૌભાંડ બાદ ઝારખંડમાં રાજ્યસભાની ચૂંટણી રદ થઇ

રાંચી, તા.૩૧

ચૂંટણી પંચે ગેરરીતીની વ્યાપક ફરિયાદો મળ્યા બાદ ઝારખંડમાં રાજ્યસભાની ચૂંટણી રદ કરી દીધી છે. નોટકાંડ બાદ ચૂંટણી રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત રાજ્યસભાની ચૂંટણીને રદ કરવાનો નિર્ણય કરાયો છે. ચૂટંણી પચે આ સંબંધમાં રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલને મોડીરાત્રે પત્ર લખીને આ અંગે પુરતી માહિતી આપી હતી. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ ઝારખંડમાં ચૂંટણી માટે જાહેરનામુ નવેસરથી જારી કરવામાં આવશે. આનો મતલબ એ થયો કે ઉમેદવારી પ્રત્રોની પ્રક્રિયા અને મતદાન પણ નવેસરથી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે એક અપક્ષ ઉમેદવારના ભાઈની કારમાંથી બે કરોડ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. રાંચીમાં એક કારમાંથી બે કરોડની જંગી રકમ મળી આવ્યા બાદ બારે ખળભળાટ મચી ગયો હતો. આના કારણે ચૂંટણીને રદ કરવાનો નિર્ણય કરાયો છે. એમ માનવામાં આવે છે કે આ રકમ ધારાસભ્યોને આપવા માટે લાવવામાં આવી હતી. આ સંબંધમાં મુખ્ય ચૂંટણી પંચે રાજ્ય

ચૂંટણી પંચ પાસેથી અહેવાલ માંગ્યો છે. ઝારખંડના ઈન્કમટેક્સ વિભાગમાં નિર્દેશક અજયકુમારે માહિતી આપતા કહ્યું છે કે ગઈકાલે સવારે ૬.૩૦થી ૭.૦૦ વાગ્યા વચ્ચે નામકુમ પોલીસ સ્ટેશનના વિસ્તાર રામપુર હાર્ટ વિસ્તારમાં એક કારમાંથી રોકડ રકમ મળી આવી હતી. કારના માલિક સુરેશ અગ્રવાલ છે જે રાજ્યસભાના અપક્ષ ઉમેદવાર આરકે અગ્રવાલના નાના ભાઈ છે. આ રકમ ઝારખંડમાં અગ્રવાલના સગાસંબંધિ પ્રકાશ ખેમાનીના ત્યાથી લાવવામાં આવી હતી. અત્રે નોંધનિય છે કે ઝારખંડમાં શુક્રવારે રાજ્યસભાની બે બેઠકો માટે મતદાન થયું હતુ. અગ્રવાલ અપક્ષ ઉમેદવાર હતા. કુમારે કહ્યું છે કે સુરેશ અગ્રવાલ ઉપરાંત અન્ય એક વ્યક્તિની પણ પૂછપરછ કરવામાં આવી છે. પૂછપરછ કરવા બાદ જામવા મળ્યું છે કે આ રકમ ખેમાનીના આવાસ પરથી લાવવામાં આવી હતી. પૂછપરછ બાદ ખેમાનીના આવાસ ઉપર દરોડા પણ પાડવામાં આવ્યા હતા. કબજે કરવામાં આવેલી કારમાંથી બે કરોડ ૧૫ લાખની રોકડ રકમ ઉપરાંત ધારાસભ્યોની યાદી પણ મળી આવી છે. દરમિયાનમાં રાજ્યસભામાં કેટલા વિરોધપક્ષના સભ્યોએ રાજ્યમાં થઈ રહેલી ખરીદી વેચાણની પ્રક્રિયાને ચિંતા વ્યક્ત કરી છે.

# ફુગાવો છથી સાત ટકા જ રહેશે : પ્રણવ મુખર્જી

નવી દિલ્હી, તા.૩૧

નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે ફુગાવો ૬થી ૭ ટકાના સ્તર ઉપર રહેશે. તેનાથી ફુગાવો નીચે પહોંચે તેમ તેઓ માનતા નથી. પ્રણવે કહ્યુ હતુ કે જો ફુગાવાનો દર આનાથી નીચે પહોંચશે તો પ્રતિકૂળ અસર થઈ શકે છે. નાણામંત્રીએ આશા વ્યક્ત કરી હતી કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પોલીસી રેટ નક્કી કરતી વેળા આ બાબતને ધ્યાનમાં લેશે. અગાઉ ફુગાવાનો આંકડો આશરે બે વર્ષથી બે આંકડામા હતો જેથી આરબીઆઈને વારંવાર વ્યાજદરમાં વધારો કરવાની ફરજ પડી હતી. વ્યાજદરમાં અનેક વખત વધારો કરતા લોન મોંઘી થઈ હતી. ફુગાવો એક વખતે ૨૨ ટકાની આસપાસ પહોંચ્યો હતો. પ્રધાને કહ્યુ હતુ કે તેઓ ઘણા આક્રમક પગલા લઈ ચુકયા છે. ઉંચો આકંડો પોસાય તેમ નથી. પ્રણવે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના બજેટમાં ભારતને વિકાસના માર્ગ ઉપર આગળ વધારવા અને વિકાસના આધાર ઉપર આગળ વધવાની વાત કરવામા આવી હતી.

# કાશ્મીરના જુદા જુદા ભાગોમાં આજે સવારે ભુકંપનો આંચકો અનુભવાયો

નવી દિલ્હી,તા.૩૧

અફઘાનિસ્તાન અને જમ્મૂ-કાશ્મીરના જુદા જુદા ભાગોમાં આજે સવારે ભુકંપનો આંચકો અનુભવાયો હતો. ભુકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૫.૨ જેટલી આકંવામાં આવી છે. આજે સવારે ભુકંપનો આંચકો

આવ્યા બાદ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. યુએસ જીઓલોજિકલ સર્વેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભુકંપનો કેન્દ્ર હિન્દુકુસ્ટ પ્રદેશમાં સ્થિત હોવાનું જાણવા મળ્યું છે. શનિવારે સવારે તીવ્ર ભૂંકપ બાદ લોકોમાં નાશભાગ મચી ગઈ હતી. લોકો જુદી જુદી જગ્યાએથી ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. ભૂકંપનો આંચોક સવારે ૯.૪૭ વાગે અનુભવાયો હતો. કેટલાક સ્થાનિક લોકોએ કહ્યુ હતુ કે તેઓએ સ્પષ્ટપણે ભૂકં